July 2021

PRABHAT EDUCATION FOUNDATION

Issue No. 20

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિતવર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે. સંસ્થા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અને પુખ્ત વયના લોકોના માનસિક અને શારીરિક પડકારોમાં મદદ કરે છે. સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે:- પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકેસી દ્વારા નેટવર્કિંગ. પ્રભાતે એક બાળક સાથે પહેલા કામ શરુ કર્યું હતું, અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યકિતઓ તેમજ તેમના પરિવારો, પાડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.

### અનુભવો...

કેમ છો વાંચકો, હું કાશ્મીરા ઉપાધ્યાય ફરીથી આવી છું મારી એક વિધાર્થિનીની વાત લઈને. જેનું નામ છે સુમન. Down syndrome અને Moderate M.R. ધરાવતી સુમન પોતાના 4 ભાઈ-બહેન અને મમ્મી-પપ્પા સાથે વટવા વિસ્તારમાં રહે છે. તેના ઘરની આર્થિક પરિસ્થિતિ નબળી હોવા છતાં મમ્મી-પપ્પા પોતાના 4 બાળકોનો ખૂબ કાળજીથી અને લાગણીથી ઉછેર કરે છે. સુમન એક હાઈપર એકટીવ બાળક હોવાથી ઘરમાં બધી વસ્તુઓની તોડફોડ કરવી, બહાર જતા રહેવું તે ઘણું સામાન્ય હતું. તેના મમ્મી-પપ્પાને તેની ઘણી ચિંતા રહેતી હતી અને વિચારતા કે શું થશે અમારી સુમનનું? તેવા સમયે તેમના પાડોશી દ્વારા પ્રભાત સંસ્થા અંગે જાણકારી મળી. અને એક દિવસ તેઓ સુમનને લઈને સંસ્થાના વટવા સેન્ટરમાં આવ્યા. ત્યાં સુમનનું સાયકોલોજીસ્ટ અને સ્પેશિયલ એજ્યુકેટર દ્વારા એસેસમેન્ટ કરવામાં આવ્યું. ત્યારે તેના બિહેવીયર પ્રોબ્લેમ અંગેની જાણકારી મળી, પછી બાળક સાથે કાર્ય કરવાની શરૂઆત કરી. પેરેન્ટસનું પણ કાઉન્સિલિંગ કરવામાં આવ્યું. પહેલા તો બાળકને સેન્ટર પર આવવું પસંદ ન હોવાથી તેને અઠવાડિયામાં 2 દિવસ બોલાવવાની શરૂઆત કરી. સુમન તેની મમ્મી સાથે ધીમે-ધીમે દરરોજ સેન્ટર પર આવવા લાગી. તેના એસેસમેન્ટ પરથી શિક્ષક દ્વારા નકકી કરેલ ગોલ પ્રમાણે તેની સાથે કાર્ય શરુ થઇ ગયું. તેને મારી સાથે એક અલગ પ્રકારની લાગણી થઈ ગઈ હતી. હંમેશા સેન્ટર આવીને પહેલા તે મને શોધે અને પછી જ કલાસમાં જાય. એક દિવસ હું બીજા બાળકોની સાથે એકટીવીટીમાં વ્યસ્ત હોવાથી સુમનના કલાસના બાળકોને ભાવનીષાબેન એકટીવીટી કરાવતા હતા. સુમનને ખબર પડી કે આજે મારા ટીચર નથી અને બીજા ટીચર મારા કલાસમાં એકટીવીટી કરાવે છે તો તે તરત જ પોતાના પગ ટેબલ પર લાંબા કરી બેસીને બૂમો પાડવા લાગી. થોડા સમય સુધી આવું ચાલતાં ભાવનીષાબેને મને બોલાવી કે તરત શાંત પડી ગઈ. પછી મેં તેને કહ્યું કે "હું થોડી વારમાં આવું છું, ત્યાં સુધી તું આ ટીચર સાથે એકટીવીટી કર." ત્યાર પછી તેને મારી વાત માની અને બીજા બાળકો સાથે એકટીવીટી કરવાનું શરુ કર્યું. સુમનને A.D.L. પ્રવૃતિઓ, એકેડેમીક પ્રવૃત્તિ અને થેરાપી સેન્ટરમાં કરાવવામાં આવે છે. જેનાથી બાળકમાં પ્રોગ્રેસ જોવા મળ્યો છે. હવે તે પોતાની જાતે માથામાં તેલ લગાવવું, પોતાનું ગમતું-નાગમતું કહેવું, મમ્મીને રસોડામાં મદદ કરાવવી જેવા કાર્યો કરતી થઈ ગઈ છે. કોરોનાકાળમાં તે મારા દ્વારા કરવામાં આવતી ઓનલાઈન એકટીવીટીમાં રસ લેતી અને ઘરે મમ્મી તે એકટીવીટી ફરી કરાવે તો તે ધ્યાન આપીને કરતી. હાલમાં સુમનનું ડેવલપમેન્ટ અને પ્રોગ્રેસ જોઈને તેના મમ્મી-પપ્પા, સંસ્થા અને હું ખુશી અનુભવીએ છીએ. આવી રીતે મારાથી અને મારી સંસ્થાથી બાળકોનું ભવિષ્ય ઉજળું તે જોઈને આનંદ થાય છે.(ઉપરની વાર્તામાં બાળકનું નામ બદલેલ છે.) By: -Kashmira Upadhyay

Special Educator





## લીડર સ્ટોરી

"ખૂબી અને ખામી બંને દરેકમાં હોય છે." પરંતુ તમે પોતાનામાં રહેલું શું શોધ્યું તે મહત્વનું હોય છે. આપણી સંસ્થાના કાર્યરત લીડર ઉર્વશીબેને પોતાનામાં ખુબી શોધી અને સમાજની સેવા માટે જોડાઈ ગયા. લાંભાવોર્ડના ઇન્દિરાનગરમાં રહેતા ઉર્વશીબેન પોતે અસ્થિ-વિષયક દિવ્યાંગતા ધરાવે છે. તેમને ચાલવામાં સહાયતા મળી રહે તે માટે પોતે બગલઘોડીનો સહારો લેતા હોય છે. ઉર્વશીબેન 3 બાળકોના માતા છે, ઘરમાં 5 સભ્યો સાથે રહે છે. તેમના પતિ રીક્ષા ચલાવે છે અને પોતે સિલાઈકામ કરીને બંને ભેગા થઈને ઘરનું ગુજરાન ચલાવે છે. પોતાના જીવનના ભાગરૂપે સમાજની સેવા કરવા હંમેશા તેઓ તત્પર રહ્યા છે. સંસ્થા સાથે તેઓ ઘણા વર્ષોથી જોડાયેલા છે. પ્રભાત દ્વારા કરવામાં આવતા કાર્ય અને પ્રોગ્રામમાં પોતાનો ફાળો અચૂક નોંધાવે. સંસ્થા અને તેના કાર્ય અંગેની જાણકારી પોતાના વિસ્તારના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓ સુધી પહોંચાડી તેઓને સંસ્થા સુધી લાવવાનું કાર્ય કરે છે. સરકારી સહાયના લાભ સમાજના જરૂરિયાત ધરાવતા વર્ગ સુધી પહોંચાડી તેઓને લાભ અપાવવામાં મદદરૂપ થાય છે. મહિલાઓ માટે સંસ્થા દ્વારા આયોજિત કેમ્પ અને અવેરનેસ પ્રોગ્રામમાં મહિલાઓને લાવવાના કાર્યમાં જોડાયા હતા. આ રીતે સંસ્થાના દરેક કાર્યમાં પોતે સંસ્થાને મદદરૂપ બને છે. ઉર્વશીબેનની દિવ્યાંગતાને ધ્યાનમાં રાખી અને ચાલવામાં સહાયતા મળી રહે તે માટે સંસ્થા તરફથી તેમને ટ્રાઈસિકલ અને સિલાઈકામ માટેનું સિલાઈમશીન આપવામાં આવ્યું છે. તેઓના સાથ-સહકારથી લાંભા વિસ્તારના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓને મળતી સહાય જેવી કે મેડીકલ સર્ટીફીકેટ, બસ-પાસ, રેલવે-પાસ, સાધનસહાય વગેરે અંગેની જાણકારી તેઓ સુધી પહોંચાડવાનું સંસ્થાનું મહત્વનું કાર્ય થાય છે. પોતાની દિવ્યાંગતાને પોતાની ખુબી માની સમાજસેવા કરવી તે એક અદ્ભૂત ભાવના ઉર્વશીબેનની રહી છે. સંસ્થા તેમના જેવા કાર્યરત સહાયકને સલામ કરી તેમનો ખૂબ-ખૂબ આભાર માને છે! (ઉપરની વાતમાં નામ બદલેલ છે.)

By: -Kishorbhai Vaghela
Special Educator




## જન્મદિવસની શુભેચ્છા

"બાર બાર દિન યે આયે, તુમ જીઓ
હજારો સાલ, સાલ કે દિન હો હજાર
હેપ્પી બર્થ ડે ટૂ યુ,
હેપ્પી બર્થ ડે ટૂ યુ."
પ્રભાત ટીમની જન્મદિન નિમિત્તે ખૂબ-ખૂબ શુભેચ્છા!



14th August, નિકુલ



25th August, હિનલ



હેલન કેલર એક અમેરિકન લેખક, દિવ્યાંગતા અધિકારોના હિમાયતી અને રાજકીય કાર્યકર હતા. તેમણે ઓગણીશ વર્ષની ઉંમરે માંદગીના કારણે પોતાની જોવાની અને સાંભળવાની શક્તિ ગુમાવી હતી. ત્યારબાદ તેમણે સાત વર્ષ સુધી ઘરમાં વપરાતા ચિન્હોનો ઉપયોગ કરીને વાતચીત કરી. પછી તેમને તેમના પહેલા શિક્ષક અને જીવનકાળના સાથી 'એની સુલિવાન' મળ્યા. જેમને હેલનને ભાષા શીખવી, જેમાં લેખન-વાંચનનો સમાવેશ થાય છે. તેઓ શરૂઆતમાં હેલનને તેની આસપાસની વસ્તુના નામ બતાવવા માટે હેલનના હાથ પર લખીને ફીલ કરાવતા હતા. તેમણે હેલનને ટાડોમા પધ્ધતિનો ઉપયોગ કરીને કઈ રીતે બોલવું અને બીજા લોકોની ભાષાને સમજવું તે શીખવ્યું હતું. તેઓ હાવર્ડ યુનિવર્સીટીની રેડક્લિફ કોલેજમાંથી આર્ટ્સમાં સ્નાતકની ડિગ્રી મેળવનાર પહેલા દિવ્યાંગ હતા. તેમણે 1924થી 1968 સુધી 'અમેરિકન ફાઉન્ડેશન ફોર બ્લાઈન્ડ'(AFB) માટે કાર્ય કર્યું. હેલન એક પ્રખ્યાત લેખિકા હતી, જેણે 14 પુસ્તકો અને સેંકડો ભાષણો અને નિબંધો લખ્યા હતા. તેમનું જીવન હજી બધા માટે પ્રેરણાત્મક છે!

મંથલી અપડેટ

**કોવીડ-19 પ્રોટોકોલ:-** કોરોનાના કેસમાં ઘટાડો થઈ રહ્યો છે અને પરિસ્થિતિ હળવી બની છે. તેમ છતાં કોરોનાને લગતા સાવચેતીના પગલાં અને પ્રોટોકોલનું પાલન કરવું તે હજી પણ જરૂરી છે. તે માટે સંસ્થાની ટીમ દ્વારા કોરોનાના પ્રોટોકોલને લગતા મટીરીયલ કોમ્યુનીટીમાં પહોંચાડવામાં આવે છે. પ્રભાતના બાળકો માટે સરળ સૂચનાઓનું પાલન કરવું પણ મુશ્કેલ હોય છે, તે ધ્યાનમાં રાખી સંસ્થાની ટીમ દ્વારા સરળ અને સહેલાઈથી સમજી શકાય તેવાં કોરોના પ્રોટોકોલના મટીરીયલ બનાવવામાં આવ્યા છે. જે બાળકોને ઓનલાઇન વીડિયો સેશન દ્વારા પણ સમજવા સહેલા બની જાય તેવા છે. સંસ્થાના બાળકને તે પ્રોટોકોલ અનુસરવામાં મુશ્કેલી ન આવે તે માટે તે મટીરીયલ પેરેન્ટ્સ સુધી પણ પહોંચાડવામાં આવે છે.

**રસીકરણ અને તેનું મહત્વ:-** જયારે દેશમાં કોવિડ-19ના રસીકરણ મુદ્દે અલગ-અલગ મંતવ્યો ચાલતા હોય, ત્યારે પ્રભાત માટે પોતાની કોમ્યુનિટી સુધી ચોક્કસ અને સચોટ માહિતી પહોંચાડવી આવશ્યક છે. જેના ભાગરૂપે સંસ્થાની ટીમ રસીકરણના રજીસ્ટ્રેશન માટે કોમ્યુનિટીમાં તાલીમ આપી રહી છે. જેનાથી કોમ્યુનિટીમાં બધા રસીકરણ સહેલાઈથી લઈ શકે.

**સંસ્થા દ્વારા સ્કૂલ પ્રોગ્રામ અંતર્ગત બાળકોની હોમ-વિઝીટ:-** જ્યારે ભણતર ઓનલાઇન ચાલી રહ્યું છે, ત્યારે સંસ્થાની સ્કૂલ પ્રોગ્રામ ટીમ દ્વારા સ્કૂલ પ્રોગ્રામ બાળકોની રેગ્યુલર હોમ-વિઝીટ કરવામાં આવે છે. (સંસ્થા દ્વારા મેઈનસ્ટ્રીમ સ્કૂલમાં એડમીશન આપવામાં આવેલ આંશિક દિવ્યાંગતા ધરાવતા બાળકોના ઘરે વિઝીટ) આ વિઝીટ દ્વારા બાળકના ઘરનું વાતાવરણ સમજવામાં મદદ મળે છે. જેનાથી સંસ્થાને જરૂર જણાય ત્યારે કાઉન્સીલીંગ પૂરું પાડી શકે.

**નેટવર્કિંગ:-** પ્રભાત સંસ્થાને કોરોનાની મહામારી દરમ્યાન નેટવર્કિંગ માટેની ઘણી બધી તકો મળી છે. સંસ્થા સાથેના અમદાવાદ યુનિવર્સીટીના સંગઠનો ચાલુ છે. ત્યારે આ મહિને 70 નવા વિદ્યાર્થીઓએ પ્રભાત સંસ્થા અને દિવ્યાંગતા અંગેની જાણકારી મેળવી અને સંસ્થા સાથે જોડાયા. આ વિદ્યાર્થીઓ સંસ્થાની જરૂરિયાતને લગતી કામગીરીમાં સહાય કરે છે. સંસ્થા સાથે N.I.Dની એક વિદ્યાર્થી જોડાયેલી છે. તે ડિસ્લેક્સીક ધરાવતા બાળકો માટેના લર્નિંગ મટીરીયલ પર કામ કરી રહી છે. આ લર્નિંગ મટીરીયલ અને સાધનો સંસ્થાના બાળકો માટે વાપરવામાં આવશે અને સંસ્થાની ટીમ દ્વારા તેના ફીડબેક આપવામાં આવશે. સંસ્થાએ આ મહિને એક રસપ્રદ સંગઠન કર્યું છે દીપા સોનપાલ અને પ્રીતા જહા સાથે. દીપા સોનપાલ દિવ્યાંગતાના અધિકારો વિભાગના કાર્યકર છે તથા પ્રીતા જહા કાયદાકીય કાર્યકર, સંશોધનકાર અને ટ્રેનર છે. આ સંગઠનનો મુખ્ય હેતુ "ચાઈલ્ડ સેક્સયુઅલ એબ્યુઝ" અંગે અવેરનેસ અને માહિતી પ્રચારનો હતો. પ્રીતા જહાએ સંસ્થાની કાયદાકીય બાબતો અને તેમાં પણ POSCO હેઠળની બાબતો માટે પોતાનો સપોર્ટ આપી ટેકો વધાર્યો છે.

**બડી-ઈન્ટરેકશન:-** પ્રભાત સંસ્થા અને રેડબીક્સ સ્કૂલ બડી ઈન્ટરેકશન પ્રોગ્રામ અંતર્ગત એકબીજા સાથે જોડાયેલા છે. રેડબીક્સ સ્કૂલના ધોરણ 11 અને 12ના 10 વિદ્યાર્થીઓ સંસ્થાના બાળકો માટે એકટીવીટીમાં જોડાવવા ઉત્સુક છે. તેઓ દ્વારા સંસ્થાના બાળકોની દિનચર્યાને લગતી એક બુકલેટ તૈયાર કરવામાં આવી છે. આ બુકલેટમાં જરૂરી એવી રોજિંદા જીવનને લગતી પ્રવૃત્તિ કઈ રીતે કરવી તે સમજાવામાં આવ્યું છે. રેડબ્રીકસના વિદ્યાર્થીઓએ પોતાના શિક્ષણ અને એકેડેમીક પ્રવૃત્તિની સાથે સાથે સંસ્થાના બાળકો માટેની આ બુકલેટ તૈયાર કરવાં માટે મહિનાઓની મહેનત આપી છે. પ્રભાત સંસ્થાની ટીમ અને રેડબ્રીક્સ સ્કૂલ વચ્ચે રેગ્યુલર બુકલેટના ફીડબેક અંગે માહિતીની આપ-લે થતી હોય છે.

**નેશનલ લેવલ વેબિનાર:-** "સેન્સ ઈન્ટરનૅશનલ" દ્વારા આયોજિત હેલન કેલરના જન્મદિવસ નિમિત્તે નેશનલ લેવલ વેબિનારમાં સંસ્થાના ટીમ મેમ્બર્સે ભાગ લીધો હતો. આવા વેબિનાર સંસ્થાની ટીમને વિકલાંગ બાળકોના રાષ્ટ્રીય સ્તરના મંતવ્યો અને ઊંડાણપૂર્વકની સમજણ માટે મદદરૂપ થાય છે.

**સાધન-સહાયક સેવાઓ:-** સાધન-સહાયક સેવાઓ સંસ્થાની કામગીરી માટે મહત્ત્વનો ભાગ ભજવે છે. દિવ્યાંગ બાળકોના જીવન ધોરણને સુધારવામાં સરકારી સહાયક સ્કીમ મદદરૂપ થતી હોય છે. આ મહિને સંસ્થાએ S.T. Pass-27, U.D.I.D Card-13, Pension Scheme-71 અને Food kit-30થી વધારે લોકોને પૂરી પાડી છે. તે ઉપરાંત ડોનેશનમાં આવેલ વસ્તુઓ જેવી કપડાં, રમકડાં અને બુકસનું પણ કોમ્યુનિટીમાં વિતરણ કરવામાં આવ્યું.

## ફોટો ગેલેરી



ઈદ પર બાળકોને જમાડવામાં આવ્યા



કપડાં-વિતરણ



મેડીકલ સિર્ટીફીકેટ માટેનું એસેસમેન્ટ



સંસ્થાની ટીમ મીટીંગ







https://www.facebook.com/Prabhateducationfoundation/

https://www.facebook.com/Prabhateducationfoundation/ https://www.instagram.com/prabhat_education_foundation/


**Address:** A-4, Sujal Apartment,
Opp. Satellite Bungalows,
Ramdevnagar,
Ahmedabad-380015.

PRABHAT EDUCATION FOUNDATION

**Phone:** +91 - 79 - 4890-3054;
**Mobile:** +91 9825009427
**Email:** prabhat@prabhateducationfoundation.org
**Website:** www.prabhateducationfoundation.org